અપીલ અરજી નં.૩૭૬ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો. રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ ડો. રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટરની તા.૨૫–૧–૧૧ની અરજીથી મોજે મજુરાનાં રે.સર્વે નં.૫૭/૧,૫૭/૨,૫૮,૬૨,૬૩,૬૪,૬૫, ટી.પી. સ્કીમ નં. ૬ વાળી જમીનમાં મંજુર થયેલા બાંધકામની રજાચીઠ્ઠી (૧૮૩) ટી.ડી.ઓ નં.૧૧૩૩ બી.એસ.આર. નં.૧૨૧૬ તા.૧૭/૩/૧૯૮૭ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિકકાવાળી નકલો મેળવવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૬/૨૦૧૦–૧૧.

શ્રી ડો. રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટરની તા.૨૫–૧–૧૧ની અરજીથી મોજે મજુરાનાં રે.સર્વે નં.૫૭/૧ ,૫૭/૨,૫૮,૬૨,૬૩,૬૪,૬૫, ટી.પી. સ્કીમ નં. ૬ વાળી જમીનમાં મંજુર થયેલા બાંધકામની રજાચીઠ્ઠી (૧૮૩) ટી.ડી.ઓ નં.૧૧૩૩ બી.એસ.આર. નં.૧૨૧૬ તા.૧૭/૩/૧૯૮૭ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિકકાવાળી નકલો મેળવવા બાબતે ડે.કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૪૭૫૪ તા.૧૫/૨/૧૧ થી આપવામાં આવેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે દફતર નાશ, નિકાલની વિગતો તેમજ બાંધકામ રજીસ્ટરની નોંધ અંગે હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦૯ તા.૧૪–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/ ૫૩૨૩ તા.૨૩–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૫૨૭ તા.૨૮–૧–૧૧ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ તથા કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટી આઈ/ આ.નં.૧૨૭૧ તા.૨–૨–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૭૫૪ તા.૧૫–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ડે.મમિ.(પીએન્ડડી)ને સેન્ટ્રલ ખાતે કરવામાં આવેલ.જે સેન્ટ્રલઝોન ધ્વારા સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૫૨૭ તા.૨૮–૧–૧૧ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ તથા કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૨૭૧ તા.૨–૨–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૭૫૪ તા.૧૫–૨–૧૧ થી મોજે મજુરાનાં રે.સર્વે નં.૫૭/૧,૫૭/૨,૫૮,૬૨,૬૩,૬૪ ,૬૫ વાળી મિલ્કતમાં રજાચિઠ્ઠી નં.૧૮૩, ટીડીઓ નં.૧૧૩૩, બી.એસ.આર. નં.૧૨૧૬, તા.૧૭–૩–૮૭ થી મંજુર થયેલ બાંધકામ પ્લાન/રજાચિઠ્ઠીના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ઉકત મિલ્કતની માહિતી ઉપલબ્ધ ન હોય, માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. જે જાણશો." તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતીથી નારાજ થઈ તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના કારણો (૧) મોજે મજુરાનાં રે.સર્વે નં.૫૭/૧ ,૫૭/૨,૫૮,૬૨,૬૩,૬૪,૬૫, ટી.પી. સ્કીમ નં. ૬ વાળી જમીનમાં બાંધકામ પ્લાન મંજુર થયા છે તેનો જવાબ આપ્યો નથી. (૨) બાંધકામના પ્લાન મંજુર થયા હોય અને રજાચિઠ્ઠી આપવામાં આવી હોય તો તેની રજીસ્ટરમાં એન્ટ્રીની ઝેરોક્ષ નકલ આપવામાં આવી નથી. (૩) ઉપર્યુકત રેવન્યુ સર્વે નંબરની માહિતી ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી આપી શકાય નહી એમ જણાવી અમારી અરજીની સંતોષકારક પૂર્તતા કરેલ નથી. તેવું જણાવેલ છે. અરજદારની સરખી વિગતે અપીલ નં. **SMC/FAP/** નં.૩૭૭/૨૦૧૦–૧૧ તા.૪–૩–૧૧ થી થયેલી અપીલમાં જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડની ફાઈલની ચકાસણી કરેલ છે અને હાલના ચાર પ્લોટોની ફાઈલ મળી આવેલ નથી. અરજદારની રજૂઆત મુજબ મંજુર પ્લાન, રજીસ્ટરોના રેકર્ડ ચેક કરીને સદરહુ પ્લાન મંજુર છે કે કેમ? તેની વિગતો અરજદારને પાઠવી શકાશે. તેવું જણાવેલ.રજીસ્ટર મળ્યેથી તેનો ઉતારો અને ઈન્સ્પેકશન આપવામાં હરકત નથી તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ  મંજુર પ્લાન રજીસ્ટરનો રેકર્ડ ચકાસી તે અંગેની વિગતો  જરૂર જણાયે બાબતને સ્પર્શતા દફતરની તપાસણી  પૂરી પાડી તે  પૈકી અરજદારે માંગેલ માહિતી  મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં  દફતરી હકીકત અનુસાર  અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં  પૂરી પાડવા  ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ),....જાણ તથા અમલ  માટે .
(૨) ડો. રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટર,